શ્રીનગરમાં સિઝનની સૌથી વધુ ઠંડી

આ શિયાળામાં મોતનો આંકડો વધીને ૧૪૦ ઉપર : ટ્રેન-વિમાની સેવાને અસર

નવી દિલ્હી, તા.૫

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીના કારણે વધુ ૧૧ લોકોના મોત થયા છે. ઘણા વિસ્તારોમાં તાપમાન માઈનસમાં યથાવત રહ્યુ છે. આ શિયાળામાં મોતનો આંકડો વધીને ૧૪૦ ઉપર પહોંચ્યો છે. મોટાભાગના લોકોના મોત ઉત્તર પ્રદેશમાં જ થયા છે. દિલ્હીમાં ઠંડા પવનના કારણે તાપમાન ઘટીને ૨.૭ ડિગ્રી થઈ ગયું છે. આજે સવારે પણ ધુમ્મસની સ્થિતિ રહી હતી જેથી રેલ અને વિમાની સેવાને અસર થઈ હતી.એક બાજુ જમ્મુ કાશ્મીરમાં રેકોર્ડ ઠંડી જોવા મળી રહી છે. બીજીબાજુ ઉત્તરભારતમાં પણ ચારેબાજુ લોકો ઠંડીના કારણે ઠુંઠવાઈ ગયા છે. જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયુ છે. લોકોને કાતિલ ઠંડીના કારણે ઘરમાં જ રહેવાની ફરજ પડી ગઈ છે.

એક બાજુ દિલ્હીમાં ૨.૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન આજે નોંધાયુ હતુ જે સિઝનમાં સૌથી ઓછુ તાપમાન છે. અગાઉ જાન્યુઆરી ૨૦૦૮માં પારો ૧.૯ ડિગ્રી સુધી નીચે પહોંચ્યો હતો. ગુડગાવમાં તાપમાન ૦.૭ ડિગ્રી સુધી નીચે પહોંચ્યો છે જ્યારે ફરિદાબાદમાં ૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. શ્રીનગરથી પ્રાપ્ત અહેવાલ મુજબ શ્રીનગરમાં સૌથી વધારે ઠંડી આ સિઝનમાં નોંધાઈ છે. અહીં તાપમાન આજે માઈનસ ૫.૪ ડિગ્રી થયુ હતુ. લડાખ ક્ષેત્રના લેહમાં આજે ૧૬ .૮ ડિગ્રી માઈનસમાં તાપમાન નોંધાયુ હતુ. જ્યારે ગુલમર્ગ સ્કી રિસોર્ટમાં માઈનસ ૯.૪ ડિગ્રી અને પહેલગામ રિસોર્ટમાં માઈનસ ૫.૪ ડિગ્રી થઈ ગયુ હતુ. દિલ્હી

સરકારે પણ રાજસ્થાનની જેમ જ ૧૨મી જાન્યુઆરી સુધી સ્કૂલોમાં રજા જાહેર કરી દીધી છે. સવારમાં વિઝિબિલિટીની સમસ્યાના લીધે માર્ગો ઉપર વાહનો દેખાઈ રહ્યા ન હતા. માર્ગ અકસ્માતો પણ ધુમ્મસના કારણે વધી ગયા છે. પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં ઠંડીના કારણે આઠ લોકોના મોત થયા છે. અહીં મોટાભાગના વિસ્તારોમાં પારો સામાન્ય કરતા ત્રણ ડિગ્રી નીચે પહોંચી ગયો છે. કોલ્ડ વેવ અને ધુમ્મસના કારણે ઉત્તર પ્રદેશમાં જનજીવન ખોરવાઈ ગયું છે. આ સિઝનમાં રાજ્યમાં મોતનો આંકડો ૧૪૦ ઉપર પહોંચ્યો છે. કાશ્મીર ખીણમાં તાપમાન વધુ ઘટી ગયું છે. શ્રીનગરમાં સિઝનની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. અહીં તાપમાન માઈનસ ૪.૩ ડિગ્રી નોંધાયું હતું. જમ્મુ કાશ્મીરમાં ભારે હિમવર્ષાથી ઐતિહાસિક મુગલ રોડને બંધ કરવાની ફરજ પડી છે. ઘટતા જતાં તાપમાનના કારણે પ્રવાસીઓને અડચણ પડી રહી છે. લેહ, કારગીલ, પહેરગામ, ગુલમર્ગમાં તમામ જગ્યાઓએ માઈનસમાં તાપમાન નોંધાયું છે. બરફને દૂર કરવાની કામગીરી પણ હાથ ધરાઈ છે. લોકોને કોઈ તકલીફ ન પડે તે માટે પ્રયાસો હાથ ધરાયા છે. હિમાચલ, રાજસ્થાન અને અન્ય વિસ્તારમાં તીવ્ર ઠંડી પડી રહી છે. હવામાન ખાતાએ આગાહી કરતા જણાવ્યું છે કે આગામી ૪૮ કલાકમાં નેશનલ કેપિટલ પ્રદેશમાં ધુમ્મસની સ્થિતિ રહેશે. પંજાબથી હરિયાણા, દિલ્હી, પશ્ચિમી ઉત્તરપ્રદેશ, ઉત્તર રાજસ્થાનના તમામ વિસ્તારોમાં ધુમ્મસની સ્થિતિ રહેશે. કોલ્ડવેવથી ઉત્તરપ્રદેશ અને ઉત્તરપશ્ચિમ મધ્યપ્રદેશના ભાગોને પણ કોઈ રાહત મળી નથી. દિલ્હીમાં લઘુતમ તાપમાન સામાન્ય કરતા ઘટ્યુ છે.

સમાચાર ઝલક

- સૂરત નજીક હજીરાના આઇ.ઓ.સી.માં ભીષણ આગ.
- થાણેમાં રીક્ષામાં યુવતીની છેડતી થતાં રીક્ષામાંથી કૂદી પડી.
- અમેરિકામાં રૂપિયા ૬ કરોડના ખર્ચે સ્વામી નારાયણ મંદિર બન્યું.
- સમગ્ર ભારતમાં શીતલહેર : આબુ, ગુજરાતમાં પણ ઠંડીનો કહેર.
- નાગપુરમાં છેડતી સામે સ્વબચાવમાં કરાટેની તાલીમ લેતી યુવતીઓ.
- પટણામાં લઠ્ઠાકાંડથી ૮ના મોત.
- ચીલીમાં યુવાનોનાં હિંસક પ્રદર્શન, આગના બનાવો.
- અમેરિકાની સંસદમાં ભારતીય નારી તુલસીએ ગીતાના સોગંદ લઇને શપથ લીધી હતી.
- પી.એ.સંગમા નવો રાજકીય પક્ષ રચશે.
- અમદાવાદમાં ૨૦૧૨ના રોજનાં ૩૮ અકસ્માત થતાં હતા.
- રાજકોટમાં નિવૃત્ત ડી.વાય.એસ.પી. પાસેથી લાંચ લેતાં એ.એસ.આઇ. ઝડપાયા.
- 'રેપ'ના ગુનેગારને મૃત્યુદંડ વિષે સહમતી સાધી શકાતી નથી.
- અમેરિકાના એક શહેરે બોટલ બંધ પાણીના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો, વિશ્વ માટે સંદેશ.
- ગુજરાતમાં નવી કરતાં જૂની કારોનું વેચાણ વધુ : રસપ્રદ તારણ.

ભારત અને પાકિસ્તાન વચ્ચે આજે દિલ્હીમાં અંતિમ જંગ

નવી દિલ્હી, તા.૫

દિલ્હીના ફિરોજ શાહ કોટલા મેદાન ઉપર આવતીકાલે ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રીજી અને અંતિમ વન-ડે મેચ રમાનાર છે. આ મેચની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. આ શ્રેણી હવે રોમાંચક રહી નથી. કારણ કે પાકિસ્તાન પહેલાંથી જ ત્રણ મેચોની શ્રેણી ૨-૦થી જીતી ચૂક્યું છે. તે જોતા આવતીકાલની મેચ ભારત માટે માત્ર પ્રતિષ્ઠા બચાવવા સમાન બની રહેશે. મિસબા ઉલ હકના નેતૃત્વમાં પાકિસ્તાનની ટીમ શાનદાર ફોર્મમાં દેખાઈ રહી છે. કોલકાતા ખાતે રમાયેલી બીજી મેચમાં પણ પાકિસ્તાને શાનદાર દેખાવ કર્યો હતો. પ્રથમ બેટીંગ કરીને ૨૫૦ રન બનાવ્યા હતા જેના જવાબમાં ભારતીય ટીમ ૧૬૫ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ગૌતમ ગંભીર, વિરેન્દ્ર સહેવાગ, વિરાટ કોહલી, યુવરાજસિંહ અને સુરેશ રૈના જેવા ટોપ ઓર્ડરના ખેલાડીઓના સતત ફ્લોપ શોના કારણે ભારતીય ટીમની સતત હાર થઈ રહી છે. એક માત્ર કેપ્ટન ધોની જ બંને મેચોમાં શાનદાર દેખાવ કરી શક્યો છે. ધોનીએ પ્રથમ વન-ડેમાં અણનમ સદી ફટકારી હતી જ્યારે બીજી મેચમાં અણનમ ૫૪ રન બનાવ્યા હતા. બોલરોમાં પણ ભારતીય બોલરે નિષ્ફળ રહ્યા છે. પાકિસ્તાનના બેટ્સમેનો છવાયેલા રહ્યા છે. નાસિર જમસેદે બીજી વન-ડેમાં કોલકાતા ખાતે ૧૨૪ બોલમાં ૧૨ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૧૦૬ રન બનાવ્યા હતા. મોહમ્મદ હફીઝ પણ સારા ફોર્મમાં દેખાયો છે. હફીઝે પહેલા ટ્વેન્ટી મેચમાં સારો દેખાવ કર્યો હતો. ત્યારબાદ હવે જમસેદે પણ સારો દેખાવ કર્યો છે.

ડીઝલમાં એકસાથે ૧૦ અથવા મહિને રૂપિયો વધશે

નવીદિલ્હી,તા.૫

એકતરફ શિયાળાની કડકડતી ઠંડીમાં સવારે ગરમ પાણીથી સ્નાન કરવાની મજા કાંઈક ઔર હોય છે તો ગરમાગરમ ચા-કોફીની લિજ્જત માણવાની પણ મજા હોય છે પરંતુ ખાંડના ભાવ વધે તે પહેલાં જ ચા કડવી બની જાય તેવા સમાચાર એ છે કે રાંધણગેસમાં સિલિન્ડર દીઠ ફરીથી ભાવ વધારો ઝીંકાય તે માટે સરકાર સજ્જ થઈને બેઠી છે. નાણાં મંત્રાલયે તાજેતરમાં યોજેલી બેઠક બાદ રાંધણગેસ અને ડીઝલના ભાવમાં વધારો કરવાની ભલામણ કરી છે. આમ, ટુંક સમયમાં આ બંને જીવનજરૂરી ચીજોમાં ભાવ વધારો થશે. દરેક પરિવાર પર આ વધારાના કારણે ફરીથી બોજો આવી પડશે. ડીઝલના ભાવ વધવાના કારણે ટ્રાન્સપોટેશન પર માઠી અસર થતી હોય છે અને તમામ વસ્તુઓના ભાવમાં વધારો થઈ જતો હોય છે જેમાં ખાસ કરીને દૂધ અને શાકભાજી જેવી અતિઆવશ્યક ચીજોનો સમાવેશ થતો હોય છે. ભુતપૂર્વ આઈએએસ અધિકારી વિજય કેલકરના વડપણ હેઠળ

મળેલી બેઠક દરમિયાન નાણાખાધ પર કપાત લાવવા માટેનું સૂચન કરવામાં આવ્યું હતું. આ સાથે જ તેમણે ડીઝલની કિંમતમાં પણ સમયાંતરે વધારો કરવાનું સૂચન કર્યું હતું. તેમની દલીલ મુજબ ૨૦૧૪-૧૫ના વર્ષમાં માર્કેટ રેટ પર અંકુશ રહે તે માટે આમ કરવું અત્યંત જરૂરી બની ગયું છે. આ પેનલે માત્ર ડીઝલના ભાવ જ નહીં પરંતુ રાંધણગેસ અને કેરોસીનમાં પણ જંગી વધારો કરવાનું સૂચન કરેલ છે. જો આમ થશે તો ગેસ નહીં વાપરતા અત્યંત ગરીબવર્ગ પર મોટો આર્થિક બોજ આવી પડે તેવી દહેશત પેદા થઈ છે. રાંધણગેસમાં એકતરફ વર્ષમાં માત્ર નવ સિલિન્ડર મળે છે, તે ઉપરાંત ગ્રાહકને સિલિન્ડર દીઠ જંગી રકમ ચૂકવવી પડે છે. આ સંજોગોમાં નવો ભાવ વધારો મધ્યમવર્ગની કમર તોડી નાંખનારો પુરવાર થશે.

સમિતિએ લીધેલા નિર્ણય મુજબ ડીઝલના ભાવમાં વધારો કરવા માટે તેમણે બે વિકલ્પ રજુ કર્યા છે. પ્રથમ વિકલ્પ મુજબ આ સપ્તાહે જ ડીઝલના ભાવમાં એકસામટો રૂપિયા ૧૦નો વધારો કરવામાં આવશે જ્યારે બીજા વિકલ્પ મુજબ આગામી દસ મહિના સુધી ડીઝલની કિંમતમાં લિટરદીઠ એક રૂપિયાનો વધારો કરવાનો રહેશે. બંને વિકલ્પ હાલમાં વિચારણા હેઠળ છે પરંતુ ટૂંકસમયમાં તેનો અમલ થાય તે બાબત નિશ્ચિત થઈ ગઈ છે. ડીઝલના વધારાથી ટ્રાન્સપોટેશન ઉપરાંત કૃષિ ક્ષેત્રે પણ મોટી અસર થતી હોય છે. આમ, ખેડુતો પર પણ આ વધારાના કારણે મોટો બોજ આવશે જેથી તેઓ આગામી સિઝનમાં અનાજના ભાવોમાં વધારો કરી શકે તેમ છે. અત્યારે ચોખાની સિઝન ચાલે છે અને ટુંક સમયમાં ઘઉં જેવા મહત્વના અનાજ ઉત્પાદનની સિઝન આવી રહી છે ત્યારે દરેક ઘરોમાં ડીઝલ અને રાંધણગેસ કકળાટનું ઘર બની જાય તેવી શક્યતા રહેલી છે.

દિલ્હીમાં વધુ ૨૫૦૮ મહિલા પોલીસની ટૂંકસમયમાં ભરતી

નવી દિલ્હી, તા.૫

દિલ્હીમાં ગેંગરેપનો બનાવ બન્યા બાદ દિલ્હી પોલીસે હવે સાવચેતીના તમામ પગલાં લેવા તૈયારી કરી લીધી છે. આના માટે આગામી દિવસોમાં નવી ભરતી પણ હાથ ધરવામાં આવનાર છે. મળેલી માહિતી મુજબ દિલ્હી પોલીસ ૨૫૦૮ વધારાની પોલીસ મહિલાઓની ભરતી કરવા તૈયારી કરી લીધી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં તમામ ૧૮૦ પોલીસ સ્ટેશનોમાં મહિલા પોલીસ ઉપલબ્ધ રહે તેની ખાતરી કરવા દિલ્હી પોલીસને સુચના આપ્યા બાદ કેન્દ્ર સરકારે શહેર માટે નવી ભરતીનો તખ્તો તૈયાર કરી લીધો છે. પોલીસ

ફોર્સમાં મહિલાઓની સંખ્યા કુલ સંખ્યાબળના ૩૩ ટકા સુધી કરવાની સૂચના પણ આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ફરિયાદ નોંધવામાં જો કોઈ નિષ્ફળ જાય છે તો તે પોલીસ જવાનને તરત સસ્પેન્ડ કરવા સૂચના આપી છે. કેન્દ્રીય ગૃહમંત્રી સુશીલકુમાર સિંદેનું કહેવું છે કે અમે મહિલા પોલીસ જવાનોની ભરતી કરવા દરખાસ્ત મોકલી દીધી છે. ૨૫૦૮ વધારાની પોલીસ મહિલામાં ૨૦૯૦ કોન્સ્ટેબલ અને ૪૧૮ અન્ય કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. નાણાંમંત્રાલયને આ દરખાસ્ત મંજૂરી માટે મોકલી દેવામાં આવી છે. ટૂંકમાં જ આ સંબંધમાં નિર્ણય લેવામાં આવશે. રાજ્યોને મહિલાઓની સંખ્યા વધારવા સ્પષ્ટ સૂચના આપી દેવામાં આવી છે. પોલીસ વડાઓ અને મુખ્ય સચિવોની બેઠક બાદ સુશીલ કુમાર સિંદેએ આ મુજબની વાત કરી હતી. સિંદેએ સમયબધ્ધ રીતે નવી પોલીસીને અમલી બનાવવાની પણ વાત કરી હતી. ૧૬મી ડિસેમ્બરના દિવસે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ગેંગરેપનો બનાવ બન્યા બાદ દેશમાં મહિલાઓ સામે અપરાધોને રોકવા કયા પગલાં લેવામાં આવે તે અંગે ચર્ચા કરવા ગઈકાલે મિટીંગ બોલાવવામાં આવી હતી. ૩૩ ટકા સિવિલ પોલીસ મહિલા હોવી જોઈએ.

દિલ્હી ગેંગ રેપ કેસ ચાર સાક્ષી પર આધારિત

નવી દિલ્હી, તા.૫

દિલ્હી ગેંગ રેપ કેસ ખૂબ જ સંવેદનશીલ બની ગયો છે. દેશ અને વિદેશમાં આ કેસની કાર્યવાહી પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આ કેસ ચાર સાક્ષીઓ પર આધારિત હોવાની વિગત સપાટી પર આવી છે. ગેંગ રેપના કેસમાં પકડી પાડવામાં આવેલા આરોપીઓને અંજામ સુધી પહોંચાડવા માટે માત્ર ચાર સાક્ષીઓની જુબાની પણ પુરતી સાબિત થઈ શકે છે. પોલીસ આ મામલામાં ચાર્જશીટની નકલ કોપી કોર્ટમાં રજુ કરી ચુકી છે. પોલીસને ઈ ચાર્જશીટ દાખલ કરવા માટે આજ સુધીની મહેતલ મળી હતી. સુત્રોના જણાવ્યા મુજબ ચાર્જશીટમાં બે ડઝનથી વધુ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા છે. પરંતુ આમાથી કોઈ પણ સાક્ષીનું નિવેદન અડધા પેજથી વધારે નથી. ચાર સાક્ષીઓની વાત કરવામાં આવે તો આ સમગ્ર મામલાની શરૂઆતી તપાસ ઈન્સ્પેક્ટર પ્રતિભાએ કરી હતી. પ્રતિભાએ માત્ર ભોગ બનેલી યુવતીનું નિવેદન જ નોંધ્યુ ન હતું પરંતુ આ કેસ સાથે સંકળાયેલા અન્ય મહત્વપૂર્ણ સાક્ષીઓના નિવેદન પણ નોંધ્યા હતા. જેમાં ભોગ બનેલી યુવતી અને તેના મિત્રને હોસ્પિટલ પહોંચાડનાર પીસીઆરના પોલીસ કર્મચારી પણ સામેલ છે. જેથી આ કેસને અંજામ સુધી પહોંચાડવા માટે કોર્ટમાં તેમનું નિવેદન મહત્વપૂર્ણ રહેશે. ગેંગ રેપનો શિકાર થયેલી યુવતીના મોત બાદ કેસની તપાસ વસંતવિહાર પોલીસ સ્ટેસનમાં એસએચઓ ઈન્સ્પેક્ટર અનિલ શર્માને સોંપવામાં આવી હતી. ત્યારબાદ તેઓએ આ બનાવને અંજામ આપનાર આરોપીઓની ધરપકડ કરી હતી.

અધિકારીએ ભોગ બનેલી યુવતી અને તેના મિત્રનો વસ્ત્રો, મોબાઈલ અને એટીએમ કબજે કર્યા હતા. ચાર્જશીટ દાખલ કરવામાં આમની પણ ભૂમિકા રહી છે. હવે ટ્રાયલ દરમિયાન સાક્ષીઓને કોર્ટ સુધી પહોંચાડવા અને તેની જુબાનીની જવાબદારી તેમના પર રહેશે. ગેંગ રેપ કેસમાં મહિલા એસડીએમ દ્વારા સફદરજંગ હોસ્પિટલ જઈને યુવતીનું નિવેદન નોંધ્યુ હતુ. યુવતીએ તમામ માહિતી એસડીએમને આપી હતી. એસડીએમનું નિવેદન પણ આરોપીઓને અંજામ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ રહેશે. જો કે ગેંગ રેપને અંજામ આપનાર આરોપીઓને ફાંસી સુધી પહોંચાડવામાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ગેંગ રેપનો શિકાર થયેલી યુવતીના મિત્રની જુબાની રહેશે કારણ કે તે આ ઘટનામાં નજરે જોનાર સાક્ષી તરીકે છે. આરોપીઓએ ચાલતી બસમાં તેની આંખોની સામે યુવતી સાથે ગેંગરેપના બનાવને અંજામ આપ્યો હતો. આ યુવાને જ કોર્ટમાં આરોપીઓની ઓળખ કરી હતી. આરોપીઓએ બનાવ વખતે વિરોધ કરવાની સ્થિતિમાં આ યુવાનને પણ નિર્દયરીતે માર માર્યો હતો.

ટુજી સ્પેક્ટ્રમના બીજા દોરની હરાજી ૧૧મી માર્ચના દિવસે થશે

નવી દિલ્હી, તા.૫

દૂરસંચાર વિભાગ ટુજી સ્પેક્ટ્રમના બીજા રાઉન્ડની હરાજી ૧૧મી માર્ચના દિવસે યોજાય તેવી શક્યતા દેખાઈ રહી છે. આના માટે બેજ કિંમતમાં ઘટાડો પણ કરવામાં આવ્યો છે. પ્રથમ રાઉન્ડની હરાજીમાં ઉંચી બેઝિક કિંમતના કારણે વધારે સ્પેક્ટ્રમની હરાજી થઈ શકી ન હતી. બીજા રાઉન્ડમાં હવે બાકી રહી ગયેલા સ્પેક્ટ્રમના વેચાણની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સૂત્રોએ કહ્યુ છે કે અધિકાર પ્રાપ્ત પ્રધાન જૂથની સાતમી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે બેઠક યોજાઈ હતી.

જે નિર્ણયના આધારે સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. હવે સાતમી જાન્યુઆરીના દિવસે એટલે કે સોમવારે મિટિંગ યોજાશે જેમાં સ્પેક્ટ્રમની હરાજી અંગે વિચારણા કરવામાં આવશે. ૧૮૦૦ મેગાહડ્ર્ઝમાં નહીં વેચાયેલા સ્પેક્ટ્રમની હરાજી ૧૧મી માર્ચથી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે આ ઉપરાંત દૂરસંચાર કંપનીઓની પાસે ૯૦૦ મેગા હડ્ર્ઝના એવા સ્પેક્ટ્રમની હરાજી પણ થશે જેના લાઈસન્સ ફરી રિન્યુ થનાર છે. સરકાર સ્પેક્ટ્રમની માત્રા અથવા બ્લોકની સંખ્યા વધારી શકે છે. જો પ્રધાન જૂથની મંજુરી મળી જશે તો ડોટ હરાજી દિશા નિર્દેશ સાતમી જાન્યુઆરીના દિવસે જારી કરી શકે છે.

ચેન્નઈ ઓપનમાં ક્રમાંકિત ખેલાડીઓ ફેંકાતા નિરાશા

ચેન્નઈ,તા.૫

ત્રીજા ક્રમના મેરિયન સિલિક અને ચોથા ક્રમના સ્ટેનીસ્લાસ વોવરિન્કાનો પરાજય થતાં ચેન્નઈ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં મેજર અપસેટ સર્જાયા હતાં. ફ્રાંસના પાંચમા ક્રમાંકિત ખેલાડી બેનોઈટ પેરે શાનદાર રમત દાખવીને ક્રોએશિયાના સિલિકને ૬-૪, ૧-૬, ૭-૫થી હરાવ્યો હતો. ટુર્નામેન્ટમાં ચોથો તથા વિશ્વમાં ૧૭મો ક્રમાંક ધરાવતા વોવરિન્કાનો વિશ્વના ૮૬મા ક્રમના સ્લોવેકિયન ખેલાડી એલઝાઝ બેડેને સામે ૨-૬, ૬-૭થી પરાજય થયોહતો. બંને ખેલાડી ક્વાર્ટર ફાઈનલમાંથી જ આઉટ થઈ ગયા હતાં.

દરમિયાન બીજા ક્રમના જાનકો ટીપ્સેરેવિકે જાપાનના સોએડાને ૬-૨, ૬-૪થી હરાવીને ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. દરમિયાન મેન્સ ડબલ્સની એક મેચમાં રશિયાના રેવેન અને અમેરિકાના નિકોલસની જોડીએ ભારતના મહેશ ભુપતિ અને કેનેડાના ડેનિયલ નેસ્ટરની જોડીને ૬-૪, ૭-૫થી હરાવી હતી.

કેબીસીમાં ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતી સનમિત કૌર સહાનીએ પાંચ કરોડ જીત્યા

મુંબઈ, તા.૫

લોકપ્રિય ગેમ શો કોન બનેગા કરોડપતિમાં આ સિઝનમાં પણ પાંચ કરોડની રકમ આખરે એક વિદ્યાર્થિનીએ જીતી લેવામાં સફળતા મેળવી છે. ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતી સનમિત કૌર સહાનીએ આ સિદ્ધિ મેળવી લીધી છે. સનમિત મુંબઈમાં ભાડાના મકાનમાં રહે છે અને બાળકોને ટ્યુશન ભણાવે છે. સનમિતે તમામ પ્રશ્નોના સાચા ઉત્તર આપ્યા હતા અને પાંચ કરોડની રકમ જીતી લીધી છે. આ સિદ્ધિ મેળવનાર તે પ્રથમ મહિલા બની ગઈ છે. આ અગાઉ આ સિદ્ધિ બિહારના સુશીલકુમારે જીતી હતી. સુશીલકુમારે પણ પાંચ કરોડ રૂપિયા જીત્યા હતા. હજુ સુધી પાંચ કરોડની ઈનામી રકમ માત્ર બે લોકોએ જ જીતી છે. કેબીસી ભારતીય ટેલિવિઝનના ઈતિહાસમાં સૌથી લોકપ્રિય શોપૈકી એક છે. મિલિનિયમ સ્ટાર અમિતાભ બચ્ચન દ્વારા આ શો રજુ કરવામાં આવે છે. કૌન બનેગા કરોડપતિની પ્રથમ પાંચ કરોડ મેળવનાર મહિલા, પાંચ કરોડની સફળતા જ્યારે મળી ત્યારે વિશ્વાસ ન થયો પરંતુ મીલેનીયમ સુપરસ્ટાર બિગ-બીએ વિશ્વાસ અપાવ્યા કે, સાથે જ સનમીત કૌરે પાંચ કરોડ રૂપિયા જીતી લીધો છે. કેબીસીના પ્રચાર માટે જે જ્ઞાનની ભલામણ અમિતાભ બચ્ચન કરી રહ્યા હતા તે જ્ઞાન સનમીત પાસે કહેવા માટે ૧૨મા ધોરણ સુધીનું જ હતું. પરંતુ કેબીસી દ્વારા પસંદ થયાનો ફોન આવ્યા પછી સનમીતે દિવસ રાત એક કરીને મગજમાં જેટલી માહિતી સમાઈ શકે ત્યાં સુધી મગજની બારીઓ ખોલી દીધી હતી. સનમીતના જીવનમાં ચાર વર્ષ પહેલાં અંધકાર છવાઈ ગયો હતો. તે ગંભીર રૂપે બીમાર થઈ ગઈ. પછી ધીમે-ધીમે જીવન સામાન્ય થયું. ત્યારબાદ અચાનકજ કિસ્મતની ઘંટડી વાગી, સંપત્તિ ભલે મોડેથી આવી. પરંતુ મનમીતના રૂપમાં એક મિત્ર જેવો પતિ પહેલાથી જ જીવનમાં આવી ગયો હતો. આ પાંચ કરોડ રૂપિયાનો ઉપયોગ સનમીત અને તેના પતિ મનમીત કેવી રીતે કરશે તે નક્કી નથી. પરંતુ એટલું નક્કી છે કે, જીવન હવે સરળ બન્યું છે. કિસ્મતે એક જ ઝાટકે રાખ પરથી ફલક પર બેસાડી દીધી છે. અભિનંદન અને શુભેચ્છા પાઠવવા માટેની લાઈન લાગી છે. ત્યારે સનમીત વાહેગુરૂનો આભાર માની રહી છે.

પાકને લશ્કરી નીતિને વધુ અસરકારક બનાવી પડશે

ઈસ્લામાબાદ, તા.૫

પાકિસ્તાનના વડાપ્રધાન રઝા પરવેઝ અસતફે જણાવ્યું છે કે પાકિસ્તાનને પોતાની લશ્કરીનીતિ અંગે ફેર વિચારણા કરવી પડશે. પાકિસ્તાનને આતંકવાદ સામે લડવા માટે પોતાની લશ્કરી નીતિને સમગ્ર નવી રીતે પરિભાષિત કરવાની જરૂર છે.

અસરફનું કહેવું છે કે અમને એક એવી નીતિ પર કામ કરવાની જરૂર છે જે આતંકવાદ સામે અસરકારક સાબિત થઈ શકે. વડાપ્રધાને નેશનલ ડિફેન્સ યુનિવર્સિટીમાં સંબોધન કરતા શ્રેણીબદ્ધ મુદાઓ ઉઠાવ્યા હતા જેમાં વિનાશકારી હથિયારો, અનિશ્ચિતતા અને અફઝાતફઝીના માહોલની વાત કરી હતી. આતંકવાદ સામેનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. અસરફની ટિપ્પણીમાં તાલિબાનનો મુદ્દો રજુ થયો ન હતો પરંતુ તાજેતરમાં જ તાલિબાન તરફથી કરવામાં આવેલા હુમલાઓમાં એકાએક વધારો થઈ ગયો છે. તેમણે કહ્યુ હતુ કે પાકિસ્તાનની રાષ્ટ્રીય સુરક્ષાને વધુ વ્યવસ્થિત બનાવવામી જરૂર છે.

પાસપોર્ટ સેવાને અસરકારક બનાવવા ઓનલાઈન પેમેન્ટ ફરજિયાત બનશે

નવી દિલ્હી, તા.૫

પાસપોર્ટ સેવાને વધુ અસરકારક બનાવવા માટે સતત પ્રયાસો થતા રહ્યા છે. હવે ઓનલાઈન પેમેન્ટને ફરજિયાત બનાવવાની તૈયારી કરી લેવામાં આવી છે. એક સરકારી અધિકારીએ કહ્યું છે કે પાસપોર્ટ સર્વિસ માટે અરજીઓ સ્વીકારવામાં ગેરરીતિઓને રોકવાના ઉદ્દેશ્યથી ઓનલાઈન પેમેન્ટ શરૂ કરવાની પ્રક્રિયા હાથ ધરવા ઈચ્છે છે. પાસપોર્ટ સેવા પ્રોજેક્ટના સંયુક્ત સચિવ મુકેશ કુમાર પરદેશીએ કહ્યું છે કે ૨ પથી ૩૦ ટકા જેટલી અરજીઓમાં કેટલીક ખામીઓ રહી જાય છે. બનાવટી ઓળખની વિગતોને રોકવાના હેતુસર અમે હવે ઓનલાઈન પેમેન્ટની ફરજિયાત બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. તેમને કહ્યું છે કે ગેરરીતિઓને રોકવાના હેતુસર આ સમગ્ર પ્રક્રિયા આગળ વધારવામાં આવશે. માર્ચ સુધી આ વ્યવસ્થા અમલી બનાવી દેવામાં આવશે. ડેબીટ અથવા ક્રેડિટ કાર્ડ સહિત જુદા જુદા ચેનલો મારફતે પેમેન્ટ કરી શકાશે. ટ્રાવેલ એજન્ટો મારફતે પાસપોર્ટ અંગેના પ્રશ્નોના જવાબમાં તેમને આ મુજબની માહિતી આપી હતી.